### તંત્રની આળસ નાગરિકો માટે આફત

# વડોદરાના રસ્તાઓ પર કાદવ-કિચડનું સામ્રાજ્ય

## ઉનાળામાં શરૂ થયેલા વિકાસકાર્યો સમયસર પૂરા ન થતાં જનતા પરેશાન : સ્થાનિકોમાં ભારે રોષ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
ચોમાસાની ઋતુની વિધિવત શરૂઆત થતાંની સાથે જ સ્થાનિક પ્રશાસન દ્વારા કરવામાં આવેલા પ્રિ-મોન્સૂન કામગીરીના મોટા-મોટા દાવાઓની પોલ ખુલ્લી પડી ગઈ છે. વડોદરા શહેરના અનેક મુખ્ય અને આંતરિક વિસ્તારોમાં અધૂરી છોડી દેવાયેલી પાણી અને ડ્રેનેજ લાઈનની કામગીરીના કારણે ચારેય તરફ કાદવ-કિચડનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે. ઉનાળા દરમિયાન શરૂ કરવામાં આવેલા વિકાસકાર્યો સમયસર પૂર્ણ ન થવાના કારણે હવે સામાન્ય જનતાને તેનો ભોગ બનવું પડી રહ્યું છે. માત્ર હળવા વરસાદમાં જ રસ્તાઓ ધોવાઈ ગયા છે અને ઠેર-ઠેર ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે, જેના કારણે અકસ્માતનો ભય પણ ચિંતાજનક સ્તરે વધી ગયો છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, ડ્રેનેજ અને પાણીની નવી પાઈપલાઈન નાખવા માટે મહિનાઓ પહેલાં રસ્તાઓ ખોદવામાં આવ્યા હતા. કામ પૂરું થયા પછી પણ કોન્ટ્રાક્ટરો દ્વારા ખાડાઓનું યોગ્ય રીતે પુરાણ કરવામાં આવ્યું નથી અથવા તો રસ્તાનું રિસરફેસિંગ કરવામાં ભારે બેદરકારી દાખવવામાં આવી છે. પરિણામે, વરસાદી પાણી ભરાતા આ માટી અત્યંત ચીકણા કાદવમાં ફેરવાઈ ગઈ છે. દ્વિચક્રી વાહનચાલકો રસ્તા પર સતત લપસી રહ્યા છે અને શાળાએ જતા નાના બાળકો તેમજ વૃદ્ધો માટે ઘરની બહાર નીકળવું પણ દુષ્કર બન્યું છે. કેટલીક જગ્યાએ તો એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવા ઈમરજન્સી વાહનો પણ કાદવમાં ફસાઈ જવાના બનાવો સામે આવ્યા છે જે અત્યંત ચિંતાજનક છે. બીજી તરફ, વેપારીઓ અને સ્થાનિક મંડળોમાં આ વણસેલી સ્થિતિને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. બજારોમાં કાદવ અને ગંદકીના સામ્રાજ્યના કારણે ગ્રાહકોની અવરજવર નહિવત થઈ ગઈ છે, જેનાથી સ્થાનિક વેપાર-ધંધાને મોટો આર્થિક ફટકો પડ્યો છે. તંત્ર દ્વારા વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં માત્ર આશ્વાસન સિવાય કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. ચોમાસામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાની પૂરેપૂરી દહેશત છે.




### માત્ર ૧૦ જ મિનિટના વરસાદમાં ‘નવાપુરા’ વિસ્તાર પાણી-પાણી



શહેરમાં ચોમાસાની શરૂઆત થતાંની સાથે જ પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલવા લાગી છે અને વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાઓ સપાટી પર આવી રહી છે. શહેરના વોર્ડ નંબર ૧૩માં સમાવિષ્ટ નવાપુરા પોલીસ સ્ટેશનની બિલકુલ બાજુમાં આવેલી સર્વોદય સોસાયટીમાં માત્ર ૧૦ મિનિટના સામાન્ય વરસાદમાં જ ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. સોસાયટીના મુખ્ય રસ્તાઓ જળબંબાકાર થઈ જતાં સ્થાનિક રહેવાસીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને તેમના રોજિંદા જીવન પર માઠી અસર પડી હતી.સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, કોર્પોરેશન દ્વારા તાજેતરમાં જ રોડ બનાવતી વખતે રસ્તાનું લેવલ અગાઉ કરતાં ઘણું ઊંચું કરી દેવામાં આવ્યું છે. રોડની આ અયોગ્ય ઊંચાઈના કારણે વરસાદી પાણીનો કુદરતી નિકાલ થઈ શકતો નથી. આ ઉપરાંત, ચોમાસા પહેલાં પાલિકા દ્વારા વરસાદી પાણીની ચેમ્બરો અને ગટર લાઈનોની યોગ્ય સફાઈ કરવામાં આવી ન હોવાથી તે કચરા અને માટીથી સંપૂર્ણપણે જામ થઈ ગઈ છે, જેના કારણે પાણી ભરાવાની આ સમસ્યા વધુ ગંભીર અને વિકરાળ બની છે.

### રાજથી જનતા પરેશાન, વિકાસના નામે મળી મુશ્કેલી !



ચોમાસાની ઋતુની હજુ તો વિધિવત રીતે શરૂઆત જ થઈ છે, ત્યાં જ વડોદરા મહાનગર સેવા સદનની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. તંત્ર દ્વારા અગાઉ વિકાસના નામે કરવામાં આવેલી કામગીરી બાદ રસ્તાઓનું યોગ્ય રીતે સમારકામ કે પુરાણ ન કરવામાં આવતા સામાન્ય વરસાદમાં જ જનતાએ ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સરકારી બાબુઓ દ્વારા ચોમાસા પૂર્વે મસમોટા દાવાઓ તો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ હોવાનું સપાટી પર આવ્યું છે.શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર-૧૧ના વિસ્તારમાંથી તાંદલજા તરફ જવાના મુખ્ય માર્ગ પર સ્થાનિક રહીશો અને વાહનચાલકો તંત્રની આ ઉદાસીનતાનો ભોગ બની રહ્યા છે. આ માર્ગ પર આવેલી આસ્થા ચિલ્ડ્રન હોસ્પિટલની બિલકુલ સામે મહાનગરપાલિકા દ્વારા અગાઉ કોઈ કામગીરી માટે મોટો ખાડો ખોદવામાં આવ્યો હતો. આ કામ પૂરું થયા બાદ તંત્રના જવાબદારો દ્વારા માટી અને જરૂરી સામગ્રીનું વ્યવસ્થિત રીતે પુરાણ કરવામાં આવ્યું ન હતું.

### સોમા તળાવમાં ખાડા ન પુરાતા રહીશો રસ્તા પર ઉતર્યા



વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા અત્યંત વ્યસ્ત અને ગીચ વસ્તી ધરાવતા સોમા તળાવ વિસ્તારમાં સ્થાનિક વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. કોર્પોરેશન દ્વારા લાંબા સમયથી મુખ્ય માર્ગો પર પડેલા મોટા અને જોખમી ખાડાઓનું પુરાણ ન કરવામાં આવતા સ્થાનિક રહીશોનો પિત્તો ગયો છે. આગામી દિવસોમાં ચોમાસાની ઋતુ વિધિવત રીતે શરૂ થવા જઈ રહી છે ત્યારે રસ્તાઓની આ બિસ્માર હાલતને કારણે રહીશો અને વાહનચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે, જેને પગલે આજે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો, મહિલાઓ અને વેપારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તંત્ર વિરૂદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરીને ભારે હોબાળો મચાવ્યો હતો.સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, સોમા તળાવ ચાર રસ્તા અને તેની આસપાસની મુખ્ય રહેણાંક સોસાયટીઓને જોડતા માર્ગો પર છેલ્લા ઘણા મહિનાઓથી મોટા-મોટા ખાડા પડી ગયા છે. આ ખાડાઓના કારણે અવારનવાર દ્વિચક્રી વાહનચાલકો સ્લિપ થઈ જવાથી નાના-મોટા અકસ્માતો રોજિંદી ઘટના બની ગયા છે.

### અટલાદરામાં વીજ ધાંધિયાથી લોકો પરેશાન

# અવધ ઉપવન સોસાયટીના રહીશોને હાલાકી,મહિલાઓની મોરચાની તૈયારી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
અટલાદરા વિસ્તારની અવધ ઉપવન સોસાયટીમાં બારેમાસ ચાલતી વીજ સમસ્યાથી રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. 300 મકાનો ધરાવતી સોસાયટીમાં 7 હજારથી વધુ લોકો શિયાળો, ઉનાળો કે ચોમાસુ દરેક સિઝનમાં વીજળીના ધાંધિયાથી પરેશાન છે.



વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં આવેલી અવધ ઉપવન સોસાયટીના રહીશો વારંવાર વીજળી ગુલ થવાની સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સોસાયટીના રહીશોના જણાવ્યા મુજબ, છેલ્લા બે દિવસથી જીઈબીમાં સતત રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી થતી નથી. ફરિયાદ કરતાં આગળથી વાયર કપાઈ જાય તો અમે શું કરીએ તેવો ઉડાઉ જવાબ અધિકારીઓ આપતા હોવાનો આક્ષેપ છે. રાત્રે બબ્બે વાગ્યા સુધી લાઈટ ન આવતી હોવાથી નાગરિકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. લાંબા સમયથી ચાલતી આ સમસ્યામાં ઓવર લોડને કારણે વારંવાર વીજ પુરવઠો ખોરવાય છે, જેના કારણે એસી, વોશિંગ મશીન, ફ્રિજ જેવા મોંઘા ઈલેક્ટ્રિક ઉપકરણો પણ બગડી ગયા છે. રહીશોએ રોષ વ્યક્ત કરતાં કહ્યું કે, સરકારને અમે નિયમિત બિલ ભરીએ છીએ તો આ સમસ્યા તાત્કાલિક ઉકેલવી જ પડે. વારંવાર રજૂઆત બાદ પણ કોઈ સાંભળતું ન હોવાથી હવે સોસાયટીની મહિલાઓએ આક્રમક વલણ અપનાવ્યું છે.

જો વહેલી તકે સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો અમે મહિલાઓ જીઈબી કચેરીએ મોરચો માડીશું તેવી ચીમકી ઉચ્ચારી છે.

### ખાનગી વાહનો પર મંજૂરી વિના જાહેરાત પર લગામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
રાજ્યમાં હવે ખાનગી વાહનો ઉપર સરકારની મંજૂરી વિના કોઈપણ પ્રકારે જાહેરાત કે તે સંદર્ભનું લખાણ પ્રદર્શિત કરી શકાશે નહીં. વાહન વ્યવહાર વિભાગ દ્વારા આ મુદ્દે ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડીને નિયમોમાં ફેરફાર કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. છેલ્લા કેટલાક સમયથી ખાનગી વાહનોમાં પણ ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસ થકી જાહેરાત પ્રદર્શિત કરાતી હોવાનું સરકારના ધ્યાને આવ્યું હતું. સામાન્ય રીતે ખાનગી વાહનો ધંધાદારી કે વ્યવસાયિક જાહેરાત મંજૂરી વિના કરી શકતા નથી. મંજૂરી વિના જાહેરાત પ્રદર્શિત થવાથી સરકારને નિર્ધારિત ટેક્સની આવકમાં પણ નુકસાન થતું હોવાનું વિભાગે નોંધ્યું છે. નવા ડ્રાફ્ટ મુજબ, સરકારના આદેશ કે અન્ય બાબત નક્કી કરાય તે સિવાય કોઈપણ ખાનગી વાહનોમાં જાહેરાત થતી હોય તેવા સાધન, આકૃતિ સાઈનેજ વિગેરે પ્રદર્શિત કરી શકાશે નહીં.

### કૂતરાને લઈને સોસાયટીમાં કકળાટ!

# તરસાલીમાં મહિલા અને સગીર વચ્ચે મારામારી,વીડિયો વાયરલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં પાળતુ કૂતરો રાખવાના મુદ્દે શરૂ થયેલો વિવાદ એટલો ઉગ્ર બન્યો કે મામલો મારામારી સુધી પહોંચી ગયો. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શહેરમાં ભારે ચર્ચા જાગી છે. વીડિયોમાં એક મહિલા અને સગીર સાથે મારામારી થતી હોવાનું દેખાતા લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. તરસાલી વિસ્તારની રહેણાંક સોસાયટીમાં ભાડે રહેતા પરિવાર અને કેટલાક સ્થાનિક રહીશો વચ્ચે પાળતુ કૂતરાને લઈને લાંબા સમયથી મતભેદ ચાલી રહ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ આ મુદ્દે ફરી એકવાર બોલાચાલી થતાં વાત વણસી ગઈ અને બંને પક્ષો વચ્ચે ઉગ્ર ઝઘડો સર્જાયો હતો. ઘટનાના વાયરલ થયેલા વીડિયોમાં મહિલા અને એક સગીર સાથે મારામારી થતી હોવાના દશ્યો જોવા મળતા સમગ્ર



મામલો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ભાડૂત પરિવારે સોસાયટીના કેટલાક રહીશો પર હુમલાનો આક્ષેપ કર્યો છે, જ્યારે બીજી તરફ સમગ્ર ઘટનાની હકીકત જાણવા પોલીસ તપાસ શરૂ કરી છે. ઘટના બાદ વિસ્તારમાં તણાવનો માહોલ સર્જાયો હતો અને સ્થાનિકોમાં વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે. મકરપુરા પોલીસ દ્વારા વીડિયો અને અન્ય પુરાવાઓના આધારે સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે તપાસ પૂર્ણ થયા બાદ જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### મૂકબધિર વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડનો મહત્વનો નિર્ણય

# ધો.૧૦માં વિજ્ઞાન ફરજિયાત નહીં, વૈકલ્પિક વિષયની બોર્ડે છૂટ આપી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે મૂકબધિર વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાને રાખીને મહત્ત્વનો અને સંવેદનશીલ નિર્ણય કર્યો છે આ નિર્ણયથી મૂકબધિર બાળકો પરનું ભણતરનું દબાણ ઘટશે. શિક્ષણ વિભાગને રજૂઆત મળ્યા બાદ સરકારની મંજૂરી લઈને વિષય માળખામાં મોટો ફેરફાર કરાયો છે. જેનો અમલ શૈક્ષણિક વર્ષ 2026-27થી એટલે કે ચાલુ વર્ષથી જ રાજ્યની તમામ માધ્યમિક શાળાઓમાં કરાશે.

નવી જોગવાઈ મુજબ, હવે ધો.10માં અભ્યાસ કરતા મૂકબધિર વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષય ભણવામાંથી મુક્તિ મેળવી શકશે. શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિના ઠરાવ બાદ રાજ્યના શિક્ષણ વિભાગ સમક્ષ દરખાસ્ત મોકલવામાં આવી હતી. શિક્ષણ વિભાગે આ દરખાસ્તને મંજૂરી આપતાં હવે વિજ્ઞાનના વિકલ્પે અન્ય સરળ કે વ્યવસાયલક્ષી વિષય આપવાનો રસ્તો ખૂલી ગયો છે.

વિજ્ઞાન વિષયના ઓપ્શનમાં મૂકબધિર વિદ્યાર્થીઓ જૂથ-2ના મરજિયાત વિષયોમાંથી કોઈ એક વિષય અથવા વોકેશનલ શિક્ષણના વિષયોમાંથી કોઈ પણ એક વિષય પસંદ કરી શકશે. જેમાં ચિત્રકલા, સંગીત, કમ્પ્યુટર અધ્યયન, યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ગૃહવિજ્ઞાન, પશુપાલન અને ડેરી વિજ્ઞાન, શિવણ અને ભરત, વાણિજ્ય પરિચય, એલિમેન્ટ્સ ઓફ એન્જિનિયર જેવા વિષયોનો સમાવેશ થાય છે.બોર્ડના પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ભલે વિદ્યાર્થીને વિજ્ઞાન વિષયમાંથી મુક્તિ આપવામાં આવી હોય, પરંતુ તેણે ધો.10ની પરીક્ષા માટે કુલ સાત વિષયો ફરજિયાતપણે રાખવાના જ રહેશે. એટલે કે, વિજ્ઞાન ડ્રોપ કરાય તો તેના સ્થાને અન્ય એક વૈકલ્પિક વિષય ઉમેરીને કુલ સાત વિષયોનું માળખું તો પરીક્ષાર્થીએ જાળવવું જ પડશેનું પણ જણાવ્યું હતું.

નોંધનીય છે કે, અગાઉની જોગવાઈ મુજબ મૂકબધિર વિદ્યાર્થીઓ જૂથ-1માંથી ત્રણ ભાષાઓને બદલે એક પ્રથમ ભાષા પસંદ કરી શકે છે તે છૂટ પણ યથાવત રહેશે. શિક્ષણવિદોના મતે, આ નિર્ણયથી મૂકબધિર બાળકો પરનું ભણતરનું દબાણ ઘટશે અને તેઓ પોતાની રુચિ મુજબના વિષયમાં આગળ વધી શકશે.

### ૧૦ હુમલાખોરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી

# પ્રેમલગ્નની અદાવતે યુવકના મકાનમાં ઘૂસી હુમલો કર્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
ડભોઈ તાલુકાના કાયાવરોહણ ગામમાં પ્રેમલગ્નની અદાવતે યુવક અને તેના પરિવારના સભ્યો ઉપર હિંસક હુમલો કરાયો હતો. યુવકે રબારી સમાજની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હોવાનો રોષ રાખી ટોળાએ તેના ઘરમાં ઘૂસી લાકડીઓ અને કળા સહિતના હથિયારો વડે જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. ડભોઈ પોલીસ મથકે 10 નામજોગ સહિત અન્ય લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. કાયાવરોહણની નવીનગરી વિસ્તારમાં રહેતા વિકાસભાઈ ઉર્ફે અક્ષિત જગદીશભાઈ રાવળના પરિવારે આક્ષેપ સાથે ડભોઈ પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ તેમણે રબારી સમાજની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હોવાથી આરોપીઓ અદાવત રાખતા હતા. 18 જૂનના રોજ રાત્રે આશરે 10:30 વાગ્યે



કલ્પેશ રબારી, યતિન રબારી, ધર્મેશ રબારી, વિશાલ રબારી, ભાર્ગવ રબારી, કૃણાલ રબારી, દીપક રબારી, વિષ્ણુ રબારી સહિત અન્ય લોકો એકત્ર થઈ તેમના ઘરે પહોંચ્યા હતા. ટોળાએ ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી વિકાસભાઈના ભાઈ આસુદ તેમજ અન્ય પરિવારજનો સાથે મારામારી કરી હતી. આરોપીઓએ લાકડાની ડાંગ અને હાથમાં પહેરેલા કડાથી હુમલો કરી ઈજાઓ પહોંચાડી હોવાનો આક્ષેપ છે. ઘટનાને લઈને વિસ્તારમાં તણાવનો માહોલ સર્જાયો હતો.ડભોઈ પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

### 21 જૂનથી 8 જુલાઈ સુધી ટ્રાફિક અને પાવર બ્લોક

# વડોદરા સ્ટેશન પર યાર્ડ રીમોડેલિંગને પગલે ૨૭ ટ્રેનોના સંચાલનમાં ફેરફાર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 19
પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા વડોદરા રેલવે સ્ટેશન ખાતે યાર્ડ રીમોડેલિંગ અને અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમના કમિશનિંગની મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરીને કારણે 21 જૂનથી 8 જુલાઈ, 2026 દરમિયાન ટ્રાફિક અને પાવર બ્લોક અમલમાં રહેશે.

જેના કારણે અનેક ટ્રેનોના સંચાલનમાં કામચલાઉ ફેરફારો કરવામાં આવ્યા છે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યું હતું કે મુસાફરોની સલામતી અને ટ્રેન સંચાલનની કાર્યક્ષમતા વધારવાના હેતુથી આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.
બ્લોક દરમિયાન કેટલીક ટ્રેનોનું શોર્ટ ટર્મિનેશન અને શોર્ટ ઓરિજિનેશન વિશ્વામિત્રી, બાજવા, છાયાપુરી, પ્રતાપનગર અને મકરપુરા સ્ટેશનો પરથી કરવામાં આવશે. આ ફેરફાર હેઠળ વડોદરા-કોટા એક્સપ્રેસ, કોટા-વડોદરા એક્સપ્રેસ, અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી, વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી સહિત અનેક મેમુ અને પેસેન્જર ટ્રેનોના રૂટમાં અસ્થાયી ફેરફાર કરવામાં આવ્યો છે.

કેટલીક ટ્રેનો વડોદરા સ્ટેશન સુધી પહોંચશે નહીં, જ્યારે કેટલીક ટ્રેનો તેમના નિર્ધારિત પ્રારંભિક સ્ટેશનને બદલે નજીકના સ્ટેશનો પરથી ઉપડશે. વલસાડ-વડોદરા અને વડોદરા-વલસાડ પેસેન્જર ટ્રેનોને અનુક્રમે મકરપુરા સ્ટેશન સુધી મર્યાદિત કરવામાં આવી છે. ઉપરાંત વડોદરા-વટવા પેસેન્જર ટ્રેનને પ્રતાપનગરથી ચલાવવામાં આવશે અને 29, 30 જૂન તથા 1 જુલાઈના રોજ આ ટ્રેન સંપૂર્ણપણે રદ રહેશે.

જામનગર ઈન્ટરસિટી અને અન્ય લોકલ મેમુ ટ્રેનો પણ આ બદલાવથી પ્રભાવિત થશે. રેલવે તંત્રે મુસાફરોને મુસાફરી પહેલાં ટ્રેનના સમય, સ્ટોપેજ અને અન્ય અપડેટ માહિતીની ખાતરી કરવા અપીલ કરી છે. મુસાફરો સત્તાવાર રેલવે વેબસાઈટ અથવા રેલવે પૂછપરછ સેવા મારફતે નવીનતમ માહિતી મેળવી શકે છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ વડોદરા સ્ટેશન પર ટ્રેન સંચાલન વધુ સુગમ અને આધુનિક બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

### ‘અધિકારીઓ અને અરજદાર વચ્ચે મિલીભગત’

# તાંદલજામાં દબાણો તોડી પડાયા,અસરગ્રસ્તોમાં રોષ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઐતિહાસિક તાંદલજા ગામ તળાવ પાસે આજે પશ્ચિમ ઝોન મામલતદાર વિભાગ અને વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગેરકાયદેસર બાંધકામો પર સપાટો બોલાવ્યો હતો. તળાવ કિનારે વર્ષોથી ઊભા કરાયેલા ગેરકાયદેસર દબાણ રૂપી ત્રણ કોમર્શિયલ દુકાનો અને એક મકાનને તંત્ર દ્વારા બુલડોઝર ફેરવીને તોડી પાડવામાં આવ્યા હતા.પશ્ચિમ ઝોનના મામલતદારે જણાવ્યું હતું કે સીટી સર્વે નંબર ૩૦૬ અને ૩૦૭ પર આવેલા આ કોમર્શિયલ દબાણોને દૂર કરવા માટે અગાઉ ઓગસ્ટ ૨૦૨૫માં જ હુકમ કરાયો હતો. જેની સામે દબાણદારોએ ગુજરાત મહેસૂલ પંચમાં મનાઈ હુકમ મેળવવા અરજી કરી હતી, પરંતુ જાન્યુઆરી ૨૦૨૬માં મહેસૂલ પંચે



આ અરજી નાતરી દેતા સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થતાં જ આજે તંત્ર દ્વારા આ આકરા પગલાં લેવામાં આવ્યા હતા. બીજી તરફ, પાલિકા અને મામલતદારની આ અચાનક થયેલી કાર્યવાહીને પગલે સ્થાનિક રહીશો અને અસરગ્રસ્ત દુકાનદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ તંત્ર પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, તેમને ગઈકાલે સાંજે જ ટૂંકી નોટિસ આપવામાં આવી હતી અને આજે બપોરે ઓચિંતી તોડફોડ શરૂ કરી દેવાઈ હતી. ચોમાસાની આ સિઝનમાં રોજગાર છીનવાઈ જતાં પરિવારો નિરાધાર બન્યા છે.

### શાળામાંથી ગુમ થયેલી વિદ્યાર્થીની મળતાં પરિવાર અને તંત્રે લીધો હાશકારો

વડોદરા : વડોદરા શહેરમાં શિક્ષણ સમિતિમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીની બપોરથી ગુમ થઈ જતાં પરિવારજનોમાં ભારે ચિંતા ફેલાઈ હતી. શરૂઆતમાં બાળકીની ભાળ ન મળતાં પરિવારજનોએ પોલીસની કામગીરી અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને ઉચ્ચ અધિકારીઓને હસ્તક્ષેપ કરવાની અપીલ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તેમજ વહીવટી તંત્રે શોધખોળ શરૂ કરી હતી. વિવિધ વિસ્તારોમાં તપાસ, પૂછપરછ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે બાળકીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સતત પ્રયાસો બાદ વિદ્યાર્થીની સુરક્ષિત હાલતમાં મળી આવતા પરિવારજનોને મોટી રાહત મળી હતી. બાળકી મળી આવતાં પોલીસ અને વહીવટી તંત્રે પણ હાશકારો અનુભવ્યો હતો. સમગ્ર ઘટનાએ શહેરમાં થોડા સમય માટે ચિંતાનું વાતાવરણ સર્જ્યું હતું, જોકે અંતે વિદ્યાર્થીની સલામત મળી આવતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

### નવી બોડી જાહેર થતાં જ વડોદરા તાલુકા ભાજપમાં ડખો

# કાર્યકરોની ઉપેક્ષા થતાં ભાજપ અગ્રણીનું ૨૩ તારીખે સામૂહિક રાજીનામાનું અલ્ટિમેટમ

**બાજવા** ભાજપના અગ્રણીનો સોશિયલ મીડિયા પર આક્રોશ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
વડોદરા તાલુકા ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં નવા હોદ્દેદારોના નામોની સત્તાવાર જાહેરાત થતાંની સાથે જ પક્ષમાં આંતરિક અસંતોષ અને ભડકો સપાટી પર આવ્યો છે. સંગઠનની નવી યાદીમાં વર્ષોથી પક્ષ માટે વફાદાર રહેલા સીનિયર અને પાયાના કાર્યકરોની ઉપેક્ષા કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે વડોદરા ભાજપના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ખાસ કરીને બાજવા ગામના એક સીનિયર કાર્યકર્તા દ્વારા પોતાની થયેલી ઘોર અવગણના સામે ઉગ્ર રોષ ઠાલવવામાં આવ્યો છે. પક્ષના આ આંતરિક જૂથવાદ અને નારાજગીના કારણે આગામી દિવસોમાં સ્થાનિક રાજકારણમાં મોટા ઉલટફેર થવાના સંકેતો મળી રહ્યા છે.
મળતી વિગતો અનુસાર, બાજવા ગામના ભાજપના અગ્રણી અને જૂના કાર્યકર્તા હિતેન્દ્ર ખંડવી, જેઓ છેલ્લા આશરે ૨૦ વર્ષ જેટલા લાંબા સમયથી પક્ષની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે, તેમની આ નવી તાલુકા ટીમમાં સદંતર અવગણના કરવામાં આવી છે. નવી યાદીમાં કોઈ પણ સ્થાન કે મહત્વનો હોદ્દો ન મળતા તેઓ ભારે નારાજ થયા છે. આ નારાજગીના વિરોધ સ્વરૂપે તેમણે વડોદરા જિલ્લા ભાજપના સાંસદ, ધારાસભ્યો, મંત્રીઓ અને પ્રભારીઓ સહિત અંદાજે ૮૨૭ જેટલા સભ્યો ધરાવતું ભાજપનું સત્તાવાર વોટ્સએપ ગ્રુપ ડિલીટ કરી નાખ્યું છે. સોશિયલ મીડિયાના માધ્યમથી આ પ્રકારે તમામ વરિષ્ઠ નેતાઓને એકસાથે ગ્રુપમાંથી દૂર કરી વોટ્સએપ ગ્રુપ બંધ કરી દેવાતા જિલ્લા અને તાલુકા ભાજપ સંગઠનમાં ભારે દોડધામ મચી ગઈ છે.
આ વિરોધ પ્રદર્શન માત્ર વોટ્સએપ ગ્રુપ ડિલીટ કરવા પૂરતો સીમિત રહ્યો નથી, પરંતુ નારાજ કાર્યકરો દ્વારા પક્ષના મોવડીમંડળને ખુલ્લી ચીમકી પણ આપવામાં આવી છે. હિતેન્દ્ર ખંડવી સહિતના અન્ય નારાજ પાયાના કાર્યકર્તાઓની રજૂઆતો અને અસંતોષ પ્રત્યે જો પક્ષના ઉચ્ચ પદાધિકારીઓ દ્વારા તાકીદે ધ્યાન આપવામાં નહીં આવે અને યોગ્ય સુધારો કરવામાં નહીં આવે, તો આગામી ૨૩મી તારીખે બપોરે ૧૨:૦૦ વાગ્યે મોટી સંખ્યામાં કાર્યકરો એકઠા થઈને સામૂહિક રાજીનામા ધરી દેશે.

### મારપીટ અને ધમકીનો આરોપ

# માંજલપુર વિસ્તારમાં બ્યુટી પાર્લર ચલાવતી સંચાલિકા પર હુમલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19
વડોદરાના માંજલપુર વિસ્તારમાં બ્યુટી પાર્લર ચલાવતી એક યુવતીએ બાજુમાં દુકાન ધરાવતા વ્યક્તિ સામે હુમલો કરવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. ઘટનાને પગલે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલા એક કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં બ્યુટી પાર્લર ચલાવતી યુવતી અને બાજુની દુકાનના સંચાલક વચ્ચે થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. પીડિત યુવતીના જણાવ્યા મુજબ, આરોપીએ તેની સાથે બોલાચાલી કર્યા બાદ હુમલો કર્યો હતો તેમજ ધમકી પણ આપી હતી. ઘટના બાદ યુવતીએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે



પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે અને બંને પક્ષોના નિવેદનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાને લઈને વેપારીઓ અને સ્થાનિકોમાં પણ ચર્ચા જાગી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ફરિયાદના આધારે તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાઓની ચકાસણી બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં સમગ્ર મામલે પોલીસ તપાસ ચાલુ છે અને તપાસ બાદ હકીકત સ્પષ્ટ થશે.